નવી બાબત ૨૦૨૦-૨૧

અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને અપાતા બુટ-મોજાના ખર્ચમાં વધારો કરવા બાબત.

રૂ.૭.૭૬ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ અનશ/૧૦૨૦૧૯/૬૦૭૫૫૧/ન.બા.૦૨/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.03/0૭/૨૦૨૦

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૮/૧૦/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ અ.જા.ક./ગ-૧/૨/૧૮-૧૯/૧૩૧૦૮-૦૯

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩/03/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૫૨૦૦૬/ન.બા.-૯/ગ

ઠ રા વ:

આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને રહેવા, જમવા અને ભણવા માટેની એક જ સંકુલમાં વ્યવસ્થા કરવામાં આવે છે. આ યોજનામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શાળા / મકાન અને પૂરતા વીજળી પાણીની સગવડ મળી રહે તે માટેની યોજના અમલમાં છે. નિયામકશ્રી(અજાક) દ્વારા તા.૧૮/૧૦/૨૦૧૯ના પત્રથી અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓના વિદ્યાર્થીઓને અપાતા બુટ-મોજા ખર્ચ રૂ.૨૦૦/- થી વધારીને રૂ.૪૦૦/- કરવા કુલ રૂ.૭.૭૬ લાખની વર્ષ ૨૦૨૦-૨૧ માટેના અંદાજપત્રમાં જોગવાઇ રાખવા દરખાસ્ત કરવામા આવેલ હતી. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓના વિદ્યાર્થીઓને અપાતા બુટ-મોજા ખર્ચ રૂ.૨૦૦/- થી વધારીને રૂ.૪૦૦/- કરવા કુલ રૂ.૭.૭૬ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજુ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) આ યોજના અંગેનું ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૦ થી કરવાનું રહેશે.

(૧૨) બાંધકામની યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના એસ.ઓ.આર. મુજબ નકશા/અંદાજો રજુ કરીને સક્ષમ અધિકારી વહીવટી/તાંત્રિક મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૩) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૪) કેંદ્ર પુરસ્કૃત યોજનઓના કિસ્સામાં ભારત સરકાર દ્વારા ખરેખર છુટી થયેલ ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૫) યોજનાઓ ચાલુ રાખવા વહીવટી મંજૂરી મળેલ છે તેથી ખર્ચની આપોઆપ મંજૂરી મળે છે તેમ માનવુ નહી અને ચાલુ યોજનાઓનો સુચારૂ અમલ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.

(૧૬) નાણા વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવથી અપાયેલ કરકસરની સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે નિયામકશ્રી(અ.જા.ક) એ સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર-૧૭ SCW-8 સરકારી છાત્રાલયો/મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળા હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૪/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(નિયામકશ્રી મારફત)
- સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ(નિયામકશ્રી મારફત)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(નિયામકશ્રી મારફત)
- સર્વે આદર્શ નિવાસી શાળાઓ(નિયામકશ્રી મારફત)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૧૯